# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

*****************************************************

1. મતદાર યાદીના ખાસ સઘન સુધારા બાદ આજે ભારતના ચૂંટણી પંચ દ્વારા કેરળ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ માટે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત કરાશે
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું દેશવાસીઓને સુરક્ષા પૂરી પાડવામાં અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવામાં I B ની ઉત્કૃષ્ટ ભૂમિકા
3. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે જી રામજી શ્રમિકોના કલ્યાણ માટેની યોજના.. ગેરમાર્ગે ન દોરાવવા અપીલ કરાઇ
4. ગુજરાત સરકારે ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં દારુબંધીના નિયમ હળવા કર્યા
5. આજે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે
6. મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકાની બીજી T20 મેચ આજે વિશાખાપટ્ટનમ ખાતે રમાશે

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## ELECTION COMMISSION – SIR

મતદાર યાદીના ખાસ સઘન સુધારા બાદ આજે ભારતના ચૂંટણી પંચ દ્વારા કેરળ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ માટે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત થશે .

મુખ્ય ચૂંટણી અધિકારીઓ (CEO) અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ (DEO) તમામ માન્ય રાજકીય પક્ષોને ડ્રાફ્ટ મતદાર યાદીઓની નકલો પ્રદાન કરશે. ડ્રાફ્ટ યાદીઓ CEO અને DEO વેબસાઇટ્સ પર પણ ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

વધુમાં, ગેરહાજર, સ્થળાંતરિત, મૃત્યુ પામેલા અથવા ડુપ્લિકેટ મતદારો દર્શાવતી અલગ યાદીઓ તે જ વેબસાઇટ્સ પર અપલોડ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## KOLKATA-SIR

મતદાર યાદીના ખાસ સઘન સુધારણા હેઠળ સુનાવણીના પ્રથમ તબક્કામાં આશરે 32 લાખ બિનમેપ્ડ મતદારોને આવરી લેવામાં આવશે.

જેઓ 2002ની મતદાર યાદીમાં પોતાના નામ અથવા સંબંધિત વ્યક્તિઓના નામ શોધી શક્યા ન હતા તેમના માટે આ કામગીરી કરાશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયના જણાવ્યા અનુસાર, 10 લાખ મતદારોને નોટિસ મોકલવામાં આવી છે, જ્યારે આજથી વધારાની 22 લાખ નોટિસ મોકલાશે.

ગણતરીના તબક્કા દરમિયાન, અધિકારીઓએ રાજ્યભરમાં 31 લાખ 68 હજાર 424 બિનમેપ્ડ મતદારોને ઓળખ્યા. આ વ્યક્તિઓ માટે સુનાવણી 27 ડિસેમ્બરથી શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## EC-SIR

મુખ્ય સચિવ એસ.બી. જોશી અને નાયબ સચિવ અભિનવ અગ્રવાલના નેતૃત્વમાં ચૂંટણી પંચનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ આજે કોલકાતા પહોંચશે, જ્યાં તેઓ ચાલી રહેલી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાની પ્રગતિની સમીક્ષા કરશે.

આ પ્રતિનિધિમંડળ સુનાવણી તબક્કાની પ્રગતિની તપાસ કરશે અને 24 ડિસેમ્બરે નજરુલ મંચ ખાતે આયોજિત માઇક્રો-ઓબ્ઝર્વર્સ માટેના તાલીમ સત્રમાં પણ હાજરી આપશે.

**રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયના જણાવ્યા અનુસાર, ટીમ વર્તમાન કાર્યવાહીનું વિગતવાર નિરીક્ષણ કરશે અને આગામી અંતિમ તબક્કા દરમિયાન કોઈ ખામી ન રહે તે સુનિશ્ચિત કરવા માટે નિર્દેશો જારી કરશે.**

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ-IB ENDOWMENT LECTURE (EARLY)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે ઇન્ટેલિજન્સ બ્યુરો દેશવાસીઓને સુરક્ષા પૂરી પાડવામાં અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવામાં ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવી રહ્યું છે. આજે નવી દિલ્હીમાં ૩૪મા ઇન્ટેલિજન્સ બ્યુરો શતાબ્દી એન્ડોમેન્ટ સત્રમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, છેલ્લા દાયકા દરમિયાન ઇન્ટેલિજન્સ બ્યુરો જેવી સુરક્ષા એજન્સીઓએ દેશની અંદર અસંખ્ય જોખમોનો નાશ કર્યો છે.

રાષ્ટ્રપતિએ દેશની આંતરિક સુરક્ષા માટે ઇન્ટેલિજન્સ બ્યુરો દ્વારા આપવામાં આવેલા અસાધારણ યોગદાન બદલ ઊંડી પ્રશંસા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, ઇન્ટેલિજન્સ બ્યુરો અદ્રશ્ય નાયકોની એજન્સી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ગૃહ રાજ્યમંત્રી બંદી સંજય કુમાર, ગૃહ સચિવ ગોવિંદ મોહન આ પ્રસંગે હાજર રહ્યા હતા.

આ તકે ઇન્ટેલિજન્સ બ્યુરોના ડિરેક્ટર તપન કુમાર ડેકાએ જણાવ્યું કે, ઇન્ટેલિજન્સ બ્યુરો હંમેશા દેશની આંતરિક સુરક્ષાને મજબૂત બનાવવામાં મોખરે રહ્યું છે. ઇન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીઓ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો કરતા અસંખ્ય પડકારોને ઓળખવામાં અને તેનો સામનો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHOUHAN - G RAM G

**કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે રોજગાર સર્જન અને વ્યાપક ગ્રામીણ વિકાસ માટે પૂરતું ભંડોળ સુનિશ્ચિત કરવા માટે વિકાસ ભારત: જી રામ જી યોજના હેઠળ એક લાખ એકાવન હજાર કરોડ રૂપિયાથી વધુની ફાળવણીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.**

**એક વિડિઓ સંદેશમાં, મંત્રીએ કહ્યું કે કામદારોને હવે કાયદેસર રીતે 100 દિવસને બદલે 125 દિવસની રોજગારની ખાતરી આપવામાં આવી છે. તેમણે કહ્યું કે મનરેગાના નામે ફરી એકવાર રાષ્ટ્રને ગેરમાર્ગે દોરવાનો**

ઇરાદાપૂર્વક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ યોજના મનરેગાથી આગળ એક પ્રગતિશીલ પગલું છે.

મંત્રીએ કહ્યું કે, કામ ન મળવાના કિસ્સામાં બેરોજગારી ભથ્થાની જોગવાઈને પણ વધુ મજબૂત બનાવવામાં આવી છે.

**(બાઇટ - શિવરાજ સિંહ ચૌહાણ)**

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

## GIFT CITY

ગુજરાત સરકારે ગાંધીનગર સ્થિત **GIFT** સિટીમાં વધુ છૂટછાટ જાહેર કરી છે.. ગિફ્ટ સિટીમાં દારૂ પીવાની છૂટછાટ ના નિયમો હળવા કરવાનું આજે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યું છે. ગિફ્ટ સિટીમાં આવતા ગુજરાત બહારના લોકોને પરમિટની જરૂર રહેશે નહીં.

રાજ્ય સરકારે દારૂબંધીના નિયમોમાં વધુ છૂટ આપતું વિગતવાર જાહેરનામુ પ્રસિધ્ધ કર્યું છે તેમાં આ નિયમો હળવા કરવાની જાહેરાત કરવામાં આવી છે.. ગિફ્ટ સિટીમાં આવતા અન્ય રાજ્યોના મુલાકાતીઓને દારૂ માટે પરમિટ લેવાની જરૂર રહેશે નહીં.અહિં આવતા વિદેશી નાગરિકોને દારૂ માટે પરમિટ લેવાની જરૂર રહેશે નહીં.

વિદેશી અને રાજ્ય બહારના આવતા નાગરિક પોતાનું ઓળખપત્ર બતાવીને **GIFT** સિટીમાં દારૂ પી શકશે. જોકે ગિફ્ટ સિટી બહાર દારૂ લઇ જવા ઉપર પ્રતિબંધ રહેશે .

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PM – CHARANSINH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન ચૌધરી ચરણ સિંહને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે ચૌધરી ચરણ સિંહે પોતાનું જીવન સમાજના વંચિત વર્ગોના કલ્યાણ તેમજ કૃષિની પ્રગતિ અને ખેડૂતોની સમૃદ્ધિ માટે સમર્પિત કર્યું.

તેમણે કહ્યું કે કૃતજ્ઞ રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને ક્યારેય નહીં ભૂલી શકાય .

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## NATIONAL FARMERS DAY

આજે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ખેડૂતોના કલ્યાણ માટે પોતાનું જીવન સમર્પિત કરનાર પૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણસિંહની જન્મ જયંતિના ઉપલક્ષ્યમાં આ દિવસ મનાવવામાં આવે છે.

સાંભળીએ એક અહેવાલ......

(વોઇસ કાસ્ટ દિપેન્દ્રસિંહ )

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં ગાઢથી અતિ ગાઢ ધુમ્મસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા, ઓડિશા અને ઉત્તરાખંડમાં પણ ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં પણ આવી જ સ્થિતિ રહેવાની અપેક્ષા છે. વધુમાં, બિહારમાં પણ ઠંડા દિવસની સ્થિતિ રહેવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## MP BHOPAL FOG

મધ્યપ્રદેશમાં ગાઢ ધુમ્મસની ચાદર પથરાઇ ગઇ હોવાની સ્થિતી સર્જાઇ ગઇ છે. અહીં પચાસ મીટર દૂરનું પણ જોઇ શકાતુ નથી..વાહન ચાલકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે.

સાંભળીએ એક અહેવાલ

# વોઈસ કાસ્ટ - દિપાસિંગ-હર્ષલ પંડ્યા

. . . . . . . . . . . . . . . . . . . . .

## WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ મેચની શ્રેણીની બીજી T20 મેચ આજે વિશાખાપટ્ટનમના ડૉ. વાય.એસ રાજશેખર રેડ્ડી સ્ટેડિયમમાં રમાશે. આ મેચ સ્થાનિક સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થવાની છે.

યજમાન ટીમે શ્રેણીમાં 1-0થી લીડ મેળવી લીધી છે. કેપ્ટન હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમે ગયા રવિવારે વિશાખાપટ્ટનમમાં રમાયેલી પહેલી T20 મેચમાં શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . .